અષણ-પપટેલ ૧૩સપ્ટે.૦૭૯

જા.નં.નિઅનેઅસ/અષણ-૫/૧૨૪૮/૧૫૭૫/૦૭
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, સહકારી ખાતુ,
ગુજરાત રાજય, ""બી""વિંગ ચોથે માળ,
કળષિ ભવન, પાલડી, અમદાવાદ
ફોન નં:૨૬૫૭૭૩૮૧ ફેકસ.નં.૨૬૫૭૭૩૯૨
ઈ મેઈલઃ Exoff-agri-ahd@gujarat.gov.in
તારીખઃ- ૧૭/૦૯/૦૭.

પરિપત્ર :

વિષયઃ- <u>પ્રાથમિક દુધ ઉત્પાદક સહકારી મંડળીઓને માર્ગદર્શન અને સુપરવીઝન બાબત.</u>

રાજયની પ્રાથમિક દુધ ઉત્પાદક સહકારી મંડળીઓનું સહકારી કાયદાની કલમ.૮૪ હેઠળ ઓડીટ ઉપરાંત સમિતિના અધિકારીશ્રી તરફથી અવાર નવાર મુલાકાતો પણ લેવામાં આવે છે. આ દરમ્યાન ધ્યાન પર આવેલ છે કે, મંડળીઓ તરફથી છેવટ તારીખ સુધીના હીસાબો લખાયેલ હોતા નથી અગત્યના રજીસ્ટરો અને પત્રકો અપુર્ણ હોય છે તથા હીસાબી પધ્ધતી પણ ધણીવાર ખામી યુકત જોવા મળે છે.

કોઈપણ કામગીરીની તાત્કાલીક ક્ષતિ સુધારણા તથા યોગ્ય પધ્ધતિનો અમલ થાય તે માટે અવાર નવારનું સુપરવીઝન એ અગત્યનું પરિબળ છે. મંડળીઓના ઓડીટ ચોકકસ સમય અંતરે થતા હોય છે. જેથી ક્ષતિની સુધારણા થવાને બદલે થયેલ ક્ષતિ ઉપર પગલાં લેવાની કાર્યવાહી કરવાના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જેથી સુપરવીઝન એજ ભુલો થતી અટકાવવા માટેનું અગત્યનું પગલું છે. મંડળીઓ ધ્વારા હિસાબી પધ્ધતિ સંધના વખતો વખતના પરીપત્રો , સહકારી ખાતાના વખતો વખતના પરીપત્રો અને સુચનાઓ, સહકારી કાયદા કાનુન અને મંડળીના પેટા કાયદાનો અમલ, મંડળી ધ્વારા લેવાતા નિર્ણયો ,મંડળી તેના સભાસદો અને સહકારી પધ્ધતિના હીતમાં છે. કે કેમ ?, તથા ઓડીટમાં જણાયેલ ખામીઓ અને સુચનોની વાસ્તવીક અને સમય મર્યાદામાં થાય છે કે કેમ ? દુરસ્તી રીપોર્ટ જે તે કચેરીને સમયસર મોકલી આપવામાં આવે છે કે કેમ ?, જયાં જરૂરીયાત જણાતી હોય ત્યાં આંતરીક ઓડીટની વ્યવસ્થા થાય છે કે કેમ ? અને આવા આંતરીક ઓડીટ કરી જેતે વખતે ભુલ સુધારણા થાય છે કે કેમ ?, તે બાબતો પણ મંડળીના વિકાસ માટે અગત્યનું પરિબળ છે.

જીલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘો તે જેતે જીલ્લાની પ્રાથમીક દુધ ઉત્પાદક સહકારી મંડળી લી ના સમવાયી સંસ્થા તરીકે છે. સંઘોની પ્રગતિ અને સધ્ધરતાનો આધાર તે તેના પાયામાં રહેલી પ્રાથમિક દુધ ઉત્પાદક સહકારી મંડળી લી ની કામગીરી તેની સધ્ધરતા તેનો વહીવટ અને નિયમિતતા પર આધારીત છે જેથી જીલ્લા કક્ષાના સંઘ રૂપી ઈમારતો પાયાની ઈંટ રૂપી પ્રાથમિક દુધ ઉત્પાદક સહકારી

મંડળીઓને લુણો ન લાગે તે જરૂરી છે.
આ ભીતીથી બચવા માટે પ્રાથમિક દુધ ઉત્પાદક સહકારી મંડળીઓના નિયમિત રીતે સુપરવીઝન થાય તેઓને પુરતુ માર્ગદર્શન મળે અને મંડળીઓનો વહીવટ શુધ્ધ કાયદા મુજબ અને મંડળીઓના સભ્યોના હીતમાં થાય તે માટે આયોજન કરવુ ધણુ આવશ્યક છે.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ.૧૯૬૧ ની કલમ.૮૮(૩) માં પણ સમવાયી મંડળીઓને તેઓની સભ્ય મંડળીઓના ચોપડા તપાસવાનો અને સુપરવીઝન કરવાનો હકક આપવામાં આવેલ છે. તે મુજબ પણ પ્રાથમિક દુધ ઉત્પાદક સહકારી મંડળીના નિયમિત રૂપે સુપરવીઝન થાય તે જોવાની જીલ્લા દુધ ઉત્પાદક સહકારી સંધની નૈતિક ફરજ થઈ પડે છે.

મંડળીઓના સુપરવીઝનની કામગીરી નિયમિત રીતે અને ગુણવત્તા ભરી થાય તે માટે અગાઉ પણ આ કચેરીના તા.૧૯-૫-૦૬ ના પરિપત્રથી તમામ જીલ્લા દુધ ઉત્પાદક સહકારી સંધ લી નુ ધ્યાન દોરવામાં આવેલ આ ઉપરાંત તા.૧૨-૨-૦૭ ના પરીપત્રથી મંડળીના સુપરવીઝન વખતે સંધના સુપરવાઈઝરશ્રીઓએ કઈ અગત્યની બાબતો ધ્યાનમાં રાખવી તે બાબતે પણ વિગતવાર ધ્યાન દોરવામાં આવેલ છે.

આમછતાં અનુભવે જણાયેલ છે કે, મંડળીના ઓડીટરો ઓડીટ માટે જતાં ધણા કીસ્સામાં મંડળીનુ રેકર્ડ અધુરૂ હોવાનુ, કે હીસાબોમાં અનિયમિતતા હોવાનુ જણાયેલ છે. જેથી જીલ્લા દુધ ઉત્પાદક સહકારી સંધના સુપરવાઈજરશ્રીઓ ધ્વારા પ્રાથમિક દુધ ઉત્પાદક સહકારી મંડળીનું નિયમિત પણે સુપરવીઝન કરી મંડળીનું રેકર્ડ છેવટ સુધીનુ તૈયાર થાય, મંડળીનો સ્ટોક અને સિલકની ચકાસણી કરી તેમાં નિયમીતતા જળવાય અને મંડળી તરફથી થતા ખર્ચાઓ ઉપર અંકુશ રહે તે બાબતો ધ્યાનમાં રાખી જરૂરી સલાહ - સુચનો મંડળીને મળી રહે તેવુ આયોજન ગોઠવવા ખાસ અનુરોધ છે. જેથી મંડળીની ઓડીટ કામગીરી વખતે સંપુર્ણ લખાયેલ દ ફતર હિસાબી પત્રકો વિગેરે પુર્ણ રીતે ઉપલબ્ધ થાય અને તે માટે ઓડીટ મહેકમને નિરર્થક મુસાફરી કરવી ન પડે તે જોવા વિનંતી છે.

મુખ્ય કાર્યપાલક અધિકારી
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ
સહકારી ખાતુ, ગુ.રા. અમદાવાદ

નકલ રવાનાઃ
મેનેજીંગ ડીરેકટરશ્રી,
......................... જીલ્લા દુધ ઉત્પાદક સહકારી સંધ લી.
૧. સ્પેશ્યલ ઓડીટરશ્રી, (મીલ્ક) મીલ્ક ઓડીટ ઓફીસ ,
૨. સ્પેશ્યલ ઓડીટરશ્રી, લગત કચેરી તમામ
૩. હીસાબી શાખા / મહેકમ શાખા અને ઓડીટ શાખા લગત કચેરી
૪. એસ.આર.ફાઈલ